# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# પ્રવચન નં. JRS-207-2, જામનગર
# સમયસાર ગાથા ૩૭૩-૩૮૨
Version 1
# તા: ૧૪/૯/૧૯૯૧, પર્યુષણ પર્વ-ઉત્તમ માર્દવધર્મ

આ દશલક્ષણી પર્વ પર્વાધિરાજના માંગલિક દિવસો છે. આ આત્માની આરાધના કરવાના દિવસો છે. અનંતકાળથી પોતે પોતાની વિરાધના કરી છે. પરની વિરાધના તો કરી શકાતી જ નથી. પણ પોતે પોતાને ભૂલી જવું, પોતાને લક્ષમાં ન લેવો, શુદ્ધાત્માને જ્ઞાન અને શ્રદ્ધામાં ન લેવો, એના જેવું કાંઇ દોષ એટલે અપરાધ દુનિયામાં નથી. અનંત દુ:ખનું કારણ છે. પોતાને ભૂલીને પરને પોતાના માનવા એવી મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, એવી અવસ્થા આત્માને અનંતકાળથી છે. એનો અભાવ કેમ થાય એની વિધિ સમયસારમાં છે. અને દશ લક્ષણ પર્વ મુખ્યપણે મુનિરાજને ચારિત્ર દશાના ભેદો છે.

એના ઉપરના ગુરુદેવના વ્યાખ્યાનો છપાઇ ગયા છે તો થોડુંક પહેલું એના ઉપર લેવાનું છે. **આજે દશલક્ષણ પર્વનો બીજો દિવસ છે. ગઇ કાલે ઉત્તમ ક્ષમાધર્મનો દિવસ હતો. આજે ઉત્તમ માર્દવધર્મનો દિવસ છે**. આ જરાક લાઇટ કરોને. છે લાઇટ? **સનાતન જૈનધર્મન ા અનાદિ નિયમ પ્રમાણે આ ભાદ્રપદ સુદ પાંચમથી ચૌદસ સુધીના દશ દિવસોને 'દશલક્ષણપર્વ' કહેવાય છે અને તે જ સાચા પર્યુષણ છે**. **આજે ઉત્તમ માર્દવધર્મનો દિવસ હોવાથી,** ક્રોધ-માન-માયા અને લોભ, ક્રોધને જીતે તો ઉત્તમ ક્ષમા પ્રગટ થાય. માનને જીતે તો ઉત્તમમાર્દવ ધર્મ પ્રગટ થાય. **પદ્મનંદીપંચવિ ંશ િતકા શાસ્ત્રમાંથી તેનું વર્ણન વંચાય છે**, **તેના વર્ણનના બે શ્લોક છે**.

**ઉત્તમમાર્દવ એટલે ઉત્તમ નિરાભિમાનતા**, માન રહિતની વીતરાગી દશા. **સમ્યગ્દર્શન સહિત નિર ાભિમાનતા તે ઉત્તમ માર્દવધર્મ છે**. **ઉત્તમ ક્ષમા માર્દવ વગેરે દશ ધર્મો, સમ્યગ્દર્શન સહિત જીવને જ હોય છે**. ચારિત્રના ભેદ છે આ. શ્લોક છે એનો. **ઉત્તમ જાતિ, કુળ, બળ, જ્ઞાન, વગેરેના અભિમાનનો ત્યાગ તે માર્દવ છે; આ માર્દવધર્મનું અંગ છે**. **જેઓ પોતાની સમ્યગ્જ્ઞાનરુપી દૃષ્ટિથી સમસ્ત જગતને સ્વપ્ન તથા ઇન્દ્રજાળની સમાન દેખે છે**. જ્ઞાનીઓ એ જગતના પદાર્થને જુએ છે પણ એ બધું ઇન્દ્રજાળ, જેમ ન હોય (એમ) દેખાય. એમ આ (પર) બધું નથી, એમ અમને દેખાણું છે, અમારામાં એનો અભાવ છે માટે અમે એ દેખતા નથી. અને ઇન્દ્રયજાળની સમાન છે, ઇન્દ્રજાળ અને સ્વપ્ના જેવું છે. આહાહા!

એક વખત સોગાનીજીને એક મુમુક્ષુ ભાઇએ પ્રશ્ન કર્યો. કે આ બધું તમે આ બધું વ્યાખ્યાન આપો છો, સમજાવો છો એમ ને એમાં તમારો રસ છે. એમ કરીને ટીકા થોડી કરી. તો (સોગાનીજી) કહે આ અમને આ સ્વપ્નું દેખાય છે, જાગૃત અવસ્થામાં આ કાંઇ દેખાતું નથી. જાગૃત અવસ્થા જુદી છે અને સ્વપ્નું જુદી ચીજ છે. જાગૃત અવસ્થામાં તો અમારો શુદ્ધાત્મા એક જ જણાય છે, આ કાંઇ જણાતું નથી. આવો જવાબ આપ્યો એમણે. એ વાત આમાં કરી છે. **તે ઉત્તમ માર્દવને કેમ ન ધારે?**

**અર્થાત્ અવશ્ય ધારણ કરે છે**.

નિરાભિમાનદશાને જ્ઞાનીઓ, આત્માને આશ્રયે, માનકષાયનો ક્ષય કરી નાખે છે. ઉપશમ, ક્ષયોપશમ અને છેલ્લો, શ્રેણીમાં, ક્ષય થઇ જાય છે. ક્ષપકશ્રેણી માંડે ત્યારે માન કષાયનો ક્રોધ-માન-માયા ને લોભ, ચારે કષાયનો અભાવ થઇ, યથાખ્યાત ચારિત્ર પ્રગટ થઇ અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. **અહીં મુખ્યપણે, મુનિની અપેક્ષાએ કથન છે. ઉત્તમ ક્ષમા વગેરે દશધર્મો છે તે સમ્યક્ચારિત્રના જ ભેદો છે.** સમ્યગ્દર્શન-જ્ઞાનના ભેદ નથી પણ મુનિરાજને સ્થિરતા આવે છે એની અંદરના આ ભેદો છે બધા. **સમ્યગ્દર્શન વગર તે ધર્મ હોય નહીં. શરીર, મન, વાણીની ક્રિયા, આત્મા** કરી શકતો **નથી, તેઓથી આત્મા જુદો જ છે. દયા-ભક્તિ કે વ્રત વગેરે શુભરાગ તે ધર્મ નથી. તેમ જ તે ધર્મમાં મદદગાર નથી.**

**આત્મા ચૈતન્યસ્વરૂપ છે**, જ્ઞાનસ્વરૂપ છે, દર્શનસ્વરૂપ છે. **તે આત્મા વિકાર રહિત છે**. ક્રોધ, માન, માયા અને લોભ, એ બધા પરાશ્રિત વિભાવ પર્યાયના એક સમયના ધર્મો છે. એ ભગવાન આત્મામાં નથી. **આમ પોતાના નિશ્ચયસ્વભાવની ઓળખાણ વડે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યા પછી વિશેષ સ્વરૂપસ્થિરતાથી**, રમણતાથી, **ચારિત્રદશા પ્રગટે છે**, **તે દશામાં ધર્મીજીવને એવી આત્મસ્થિરતા હોય છે કે જાતિ-કુળ વગેરેના અભિમાનનો વિકલ્પ પણ ઊઠતો નથી.** હું પૂર્વે રાજા હતો, એવો વિકલ્પ એને હોઇ શકતો નથી. **એનું નામ ઉત્તમ માર્દવધર્મ છે.**

એવા કોઇ પણ પ્રકારના વિભાવના વિકલ્પો, કષાયના વિકલ્પો, ઉત્પન્ન થતા નથી કેમકે એકતાબુધ્ધિ તુટી ગઇ છે. ત્રણ કષાયના અભાવપૂર્વ સ્થિરતા થઇ છે અને થોડોક રાગ આવે છે, તેના પ્રત્યે ઉદાસ છે. એના પ્રત્યે ઉપેક્ષા છે. એની અપેક્ષા એને હોતી નથી. એવી ચારિત્રદશા કેમ પ્રગટ થાય એના માટે આ સમયસાર શાસ્ત્રની રચના થઇ છે.

ચારિત્ર છે તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે. ચારિત્ર એટલે શુધ્ધોપયોગ. પાંચ મહાવ્રત એ ચારિત્ર નથી. પણ શુધ્ધાત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન પૂર્વક અંદર રમણતા-લીનતા-સ્થિરતા એવી વીતરાગ દશાને ભગવાન ચારિત્ર કહે છે. એ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. અને ચારિત્રનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન છે. અને સમ્યગ્દર્શનનું કારણ ભેદવિજ્ઞાન છે. તે આ ભેદજ્ઞાનની ગાથા આપણે લેવાની છે. ભેદજ્ઞાનથી અભેદનો અનુભવ થતાં એને આત્મા જેવો છે એવો, અંતરમુખદશામાં જણાઇ જાય છે. પ્રત્યક્ષ થાય છે. અને આનંદનું વેદન આવે છે.

સમ્યગ્દર્શન-જ્ઞાનનું લક્ષણ શું? એનું ચિહ્ન શું? એનું એંધાણ શું? કે આત્મા આનંદની મૂર્તિ છે એની અંદર લીન થતા, એને અવસ્થામાં, પર્યાયમાં, આત્મામાં રહેલો આનંદ જે શક્તિરૂપે છે એ પર્યાયમાં થોડો વ્યક્ત થઇ જાય છે. નમૂનો આવે છે. જેમકે સાકરની ગુણી, એના આઠસો-નવસો રૂપિયા જે ભાવ હોય (તે) ભાવ. તો આખી ગુણી લેવા જાય, તેને બે દાણા નમૂનાના ચખાડે, કે આ જાતની સાકર છે ખાંડ, સુગર (sugar). એ નમૂનો ચાખીને કહે કે આ લ્યો આઠસો રૂપિયા, અને આખી ગુણી મોકલી દેજો. એક સેમ્પલ (sample), બે દાણા, પણ જાત નિમકની નહીં. નિમક પણ ધોળુ હોય અને ખાતર પણ ધોળું હોય, એ દાણાદાર હોય. સુગર જેવું લાગે. એ ખાતર પણ નથી

અને નિમક પણ નથી. મોઢામાં બે દાણા મૂક્યા, આખી ગુણો મોકલી દેજો, બસ!

એવી રીતે, સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનનું કારણ ભેદવિજ્ઞાન છે. જે ભેદવિજ્ઞાનમાં અહીંયા મુખ્યપણે અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા અને ઇન્દ્રિયજ્ઞાન, બેય પરસ્પર સર્વથા ભિન્ન-ભિન્ન છે. એમાં કથંચિત્ ભિન્ન-અભિન્ન લાગુ પડતું (નથી). જેવી રીતે રાગ સર્વથા ભિન્ન છે, પુણ્ય-પાપના પરિણામ, એમાં કથંચિત્ ભિન્ન-અભિન્ન આવતું નથી. કેમકે જાત બેની જુદી છે. એક ચેતન અને એક જડ. જેમ રાગ જડ છે, આત્માની જાતથી એનામાં લક્ષણ જુદું છે. એ સામાન્યનું વિશેષ નથી.

એવી રીતે, અનાદિકાળથી આત્માને ભૂલેલો આત્મા, એ ઇન્દ્રિયજ્ઞાનને જ્ઞાન માનીને બેસી ગયો છે. આહાહા! પણ આચાર્યપ્રભુ ફરમાવે છે કે ઇન્દ્રિયજ્ઞાન ભગવાન આત્માથી સર્વથા ભિન્ન છે. સર્વથા ભિન્ન એટલા માટે છે, જેમ રાગ આત્માને આશ્રયે થતો નથી અને રાગ આત્માને પ્રસિદ્ધ કરતો નથી અને રાગ આત્મામાં વ્યય થતો નથી. એવી રીતે જેમ રાગ પરાશ્રિત છે, એમ ઇન્દ્રિયજ્ઞાન પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનનો જે ઉઘાડ, એ જ્ઞેય છે, જ્ઞાન નથી.

જેમ રાગ આત્માને આશ્રયે થતો નથી એમ ઇન્દ્રિયજ્ઞાન આત્માને આશ્રયે થતો નથી. એ જ્ઞેય આશ્રિત છે. રાગ કર્મ આશ્રિત છે અને ઇન્દ્રિયજ્ઞાન જ્ઞેય આશ્રિત છે. તેથી તે ઇન્દ્રિયજ્ઞાન આત્માને પ્રસિદ્ધ કરતું નથી. એ ઇન્દ્રિયજ્ઞાન આત્મામાં અભેદ થતું નથી. અને આત્માને આશ્રયે થતું નથી. માટે ભગવાન આત્મા અને આત્માના જ્ઞાનથી (ઇન્દ્રિયજ્ઞાન) સર્વથા ભિન્ન છે. આત્માથી તો ભિન્ન છે પણ જે ઉપયોગ લક્ષણમાં આત્મા જણાય છે, એવા ઉપયોગમાં પણ ઇન્દ્રિયજ્ઞાનનો અભાવ છે.

દ્રવ્યસ્વભાવમાં તો અભાવ છે ત્રણે કાળ, પણ એક ઉપયોગ લક્ષણ છે જેમાં ભગવાન આત્મા બાળગોપાળ સહુને જણાઇ રહ્યો છે. અને એ ઉપયોગ આત્માથી અનન્ય છે. એ કથંચિત્ અભિન્ન છે. જેમ ઇન્દ્રિયજ્ઞાન સર્વથા ભિન્ન છે, એમ જેમાં આત્મા અનુભવમાં આવે છે એવું જે જ્ઞાન, આહાહા! એ સર્વથા ભિન્ન નથી. એ કથંચિત્ અભિન્ન છે. ઉપયોગથી આત્મા અનન્ય છે. ઉપયોગથી આત્મા અનન્ય એટલા માટે છે કે એ ઉપયોગમાં ઉપયોગ જણાય છે. ઉપયોગમાં ઉપયોગ કેમ જણાય છે? કે એ ઉપયોગમાં છે તેથી જણાય છે. અને રાગાદિ ઉપયોગમાં નથી તેથી ઉપયોગમાં રાગ જણાતો નથી. આહાહા! રાગનું કરવું તો ક્યાંય ગયું, પણ જે જેમાં નથી એ ન જણાય. અને જે જેમાં છે એ જણાયા વગર રહે નહીં. આહાહા! આ ઇન્દ્રિયજ્ઞાન અને આત્મા વચ્ચેના ભેદજ્ઞાનની ગાથા લીધી છે.

બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્ય સમર્થ આચાર્ય થયા, જેનું ત્રીજું નામ પ્રસિદ્ધ છે. તેઓશ્રીએ કલમ ચલાવી અને કહે છે કે કોઇનો આત્મા, જગતના સર્વ જીવની હું વાત કરુ છું. કોઇનો આત્મા એ પાંચ ઇન્દ્રિયના વિષયને જાણતો નથી. આત્મા તો જાણતો નથી પણ આત્માનું એક લક્ષણ, ઉપયોગ પ્રગટ થાય છે, એ પણ સ્પર્શ-રસ-ગંધ-વર્ણને જાણતું નથી. કેમકે સ્પર્શ-રસ-ગંધ-વર્ણ(નો) એ ઉપયોગમાં એનો અભાવ છે. ઉપયોગની બહાર વસ્તુ છે, જડ, પુદ્ગલના પરિણામ છે. સ્પર્શ-રસ-ગંધ-વર્ણ અને શબ્દ, એ આત્મામાં તો નથી, જડભાવ. પણ જેમાં આત્મા જણાય છે એવા ઉપયોગમાં પણ સર્વથા ભિન્ન છે. હવે ઉપયોગમાં ભિન્ન છે તો શુદ્ધોપયોગદશા પ્રગટ થાય એમાં તો ભિન્ન હોય જ. એમાં પ્રશ્ન નથી.

આશીષ અને નિર્મલ આવ્યો છે કે નહીં? આશીષ તો છે. આહાહા! એ બધાના જ્ઞાનમાં

ભગવાન આત્મા જણાય છે. મને જાણનાર જણાય છે. અરે! સ્વભાવના પક્ષમાં તું આવી જા તો સ્વભાવની પ્રાપ્તિ થયા વગર રહેશે નહીં. ઉપયોગમાં ઉપયોગ છે. જ્ઞાનમાં જ્ઞાયક છે. જ્ઞાનમાં રાગાદિ કે દેહાદિ, કર્મ-નોકર્મ, એમાં નથી. આહાહા! અને જેને સ્પર્શ-રસ-ગંધ-વર્ણ જણાય છે એના લક્ષ પૂર્વક, એ અનુઉપયોગ થઇ ગયો, અજ્ઞાન ઉપયોગ થઇ ગયો, ઇન્દ્રિયજ્ઞાન થઇ ગયું. એ સ્વભાવને ભૂલી ગયો. અને જેને જાણે એને પોતાનું માન્યા વગર રહે નહીં.

ફેક્ટરીને જાણે તો ફેક્ટરી મારી. દુકાનને જાણી તો દુકાન મારી. દુકાનમાં, આપણે દુકાનનું સામાન્ય કથન કર્યું. કોઇને કાંઇ દુકાન, કોઇને-કાંઇ દુકાન, એનું કાંઇ નહીં. સૂરુભાઇ! આ દુકાન મારી છે અને આ બાજુવાળાની દુકાન મારી નથી, બે ભાગ પાડયા એણે. આહાહા! આ મારું અને તારું એમ પર પદાર્થમાં બે ભાગ છે નહીં. એ બધી પારકી વસ્તુ છે. એ વસ્તુ તો પારકી છે પણ એને જાણનારું, એ જ્ઞાન મારાથી સર્વથા ભિન્ન છે. તેથી પરપદાર્થને જાણતો નથી, આહાહા! અને પરપદાર્થને જાણનારા જ્ઞાનને પણ હું જાણતો નથી. હું તો જેમાં આત્મા જણાય એવા જ્ઞાનને જાણું છું અથવા અભેદથી આત્માને જાણું છું.

દશલક્ષણ પર્વ છેને આ તો. અજમેરાભાઇ! ઊંચો માલ હોયને. આહાહા! કુંદકુંદાચાર્યભગવાનની શું વાત કરવી? જૈનધર્મને ટકાવી રાખ્યો છે. મોક્ષમાર્ગને ટકાવી રાખ્યો છે. પંચમકાળના છેડા સુધી રહેશે આ. હવે દશ ગાથા ઉપરથી વાત કરી. હવે દશ ગાથા મૂળ લઇએ. આહાહા! ૩૭૩ થી ૩૮૨.

રાગાદિથી તો ભિન્ન આત્મા છે. એ વાત તો જિનાગમમાં, દ્રવ્યાનુયોગમાં ઠેર-ઠેર ઠેકઠેકાણે છે. રાગથી આત્મા જુદો છે એ વાત તો ઠામ-ઠામ રહેલી છે. પણ જેમ રાગ આશ્રવ તત્ત્વ છે એમ ઇન્દ્રિયજ્ઞાન પણ આશ્રવ તત્ત્વ છે. એ સંવર તત્ત્વ નથી. જીવ તત્ત્વ તો નથી, પણ સંવર તત્ત્વ પણ નથી. સંવરનો લક્ષણ એમાં નથી. એટલે ઇન્દ્રિયજ્ઞાનથી આત્મા ભિન્ન છે, એના ભેદજ્ઞાનની ગાથાઓ ઓછી છે. છે ખરી, પણ જેટલી રાગથી આત્મા ભિન્ન છે એની વાત જેટલી પ્રચલિત છે એટલી આ વાત પ્રચલિત નથી. છે ખરી. જ્ઞાનીઓ કહી ગયા છે. ગુરુદેવે પણ ઇન્દ્રિયજ્ઞાનથી ભેદજ્ઞાન કરવાની ગાથાઓ ગણીને વ્યાખ્યાન પણ એના છપાઇ ગયા છે.

પણ હાલતા-ચાલતા ઇન્દ્રિયજ્ઞાનથી ભિન્ન આત્મા છે, એનો વિચાર કરવાનો કાળ હવે પાક્યો છે. રાગથી તો આત્મા ભિન્ન છે પણ રાગને જાણનારા જ્ઞાનથી પણ આત્મા (ભિન્ન છે). અરે! એ તો દૂર રહો, દુકાન અને ફેક્ટરીને જાણનાર જ્ઞાન, એનાથી તો આત્મા ભિન્ન જ છે. આહાહા! પણ આ તીર્થંકરોની પ્રતિમા, ભગવાન મહાવીરની પ્રતિમા હોય, ચોવીસમા તીર્થંકર આપણા અથવા વિહરમાન વીસ તીર્થંકરોમાં, સીમંધરભગવાનની પ્રતિમા હોય, એને જાણનારું જ્ઞાન આત્માનું નથી. એ પરમાત્મા તો મારા નથી કેમકે મારો પરમાત્મા તો અહીંયા (મારામાં) બિરાજમાન છે. એ (તીર્થંકર) વ્યવહારે પરમાત્મા છે. એના દર્શન રોજ કરવાનો મને ભાવ આવે છે. પણ એના પ્રત્યે એનો જે શુભરાગ થાય છે એ મારો નથી. એ તો ઠીક, પણ એને જાણનારુ જે ચક્ષુઇન્દ્રિય, બર્હિમુખ જ્ઞાન, જેમાં પ્રતિમા જણાય અને એમાં આત્મા ન જણાય, એ જ્ઞાન મારું નથી. અરે! એ તો ઠીક પણ સાક્ષાત્ તીર્થંકર ભગવાન બિરાજમાન હોય, ઇન્દ્રો અને દેવો એની સભામાં હોય અને ગૌતમગણધર

આદિ એની ઉપસ્થિતિ હોય અને એની સામે ઇન્દ્રિયજ્ઞાન જુએ છે પણ આત્મા એની સામે જોતો (નથી).

આત્મા પોતાના જ્ઞાનને છોડીને, એ પરપદાર્થને જાણવા જતું નથી. અને જે પરને જાણે છે એ જ્ઞાન મારું નથી. આહાહા! જ્ઞાન ને જ્ઞાન વચ્ચેનું ભેદજ્ઞાન છે. જ્ઞાનથી જ્ઞાન ભિન્ન છે. નિશ્ચય જ્ઞાનથી વ્યવહાર જ્ઞાન ભિન્ન છે. આહાહા! એવી અદ્‌ભૂત વાત! આજથી બે હજાર વર્ષ પહેલાં, કુંકુંદાચાર્ય ભગવાન તાડપત્રમાં લખીને ગયા છે. એમાં આપણું નામ છે ઉપર. શાસ્ત્ર ખોલ્યું, જે ખોલે અને વાંચે એનું. એને વંચાય નામ. જે શાસ્ત્ર બંધ રાખે અલમારીમાં, એમાં એનું નામ તો હોય પણ ખોલીને વાચે તો તો એનું નામ હોય અંદરમાં. પણ વાંચે જ નહીં. લખેલું તો નામ છે એમાં, પણ એને ખ્યાલ આવતો નથી. પણ જે આંખ ઉઘાડીને જુએ અને આત્માની રૂચિપૂર્વક વાંચે અભ્યાસ કરે, ઓહો! આ તો ધર્મ પિતાનો પત્ર મારા ઉપર આવ્યો છે. આ તો મને કહે છે. આહાહા!

કે ઇન્દ્રિયજ્ઞાન ભિન્ન છે અને અતિન્દ્રિયજ્ઞાન(મયી) ભગવાન આત્મા એનાથી સર્વથા ભિન્ન છે. ઇન્દ્રિયજ્ઞાન વડે જાણવાનું કામ આત્મા કરતો નથી. કરી શકતો નથી. ઇન્દ્રિયજ્ઞાન વડે હું જાણું છું, એ જ્ઞેય અને જ્ઞાયકની એકતા કરી એણે. (તે) મિથ્યાદર્શન છે, મિથ્યાજ્ઞાન છે. આહાહા! ઇન્દ્રિયજ્ઞાન ભલે પરને જાણે પણ હું ઇન્દ્રિયજ્ઞાન વડે, વડે એટલે 'સાધન'-કરણ. રમેશ, તો ભણેલા છે ભાઈ. આહાહા! એ ભિન્ન સાધન વડે આત્મા પરને જાણે એવો આત્માનો સ્વભાવ નથી. અને અભિન્ન સાધન વડે આત્માને જ જાણે અને પર ન જાણે એવો એનો સ્વભાવ છે. અલૌકિક અપૂર્વ વાત છે.

આત્માની આરાધનાના દિવસો છેને? ઇન્દ્રિયજ્ઞાન મારું નથી. હવે, ઇન્દ્રિયજ્ઞાન મનુભાઇ, તમારું નથી, તો ઇન્દ્રિયજ્ઞાન જેને જાણે એ ચીજ તમારી ક્યાંથી હોય? ઇન્દ્રિયજ્ઞાન જ, જો આત્માની પ્રોપર્ટી (property) નથી. ઇન્દ્રિયજ્ઞાન આત્માની પ્રોપર્ટી નથી તો આ પ્રોપર્ટી કેની હશે? ધીરૂભાઇ? આહાહા! અરે! ઇન્દ્રિયજ્ઞાનથી આત્મા ભિન્ન છે. જોઇ લેને તને જણાશે! અરે! જણાઇ જ રહ્યો છે! એકલું ઇન્દ્રિયજ્ઞાન પ્રગટ થતું નથી પણ એનું (આત્માનું) લક્ષણ ઉપયોગ પણ સાથે પ્રગટ થાય છે. અને એ ઉપયોગમાં બાળ ગાપાળ સહુને, એમાં તું આવી ગયો. તને જણાય છે એમ. બીજાને જણાય છે એમ ન લેવું. મને જણાય છે. ક્યારે જણાતો હશે? સ્વાધ્યાય મંદિરમાં આવે ત્યારે? દુકાને આવે ત્યારે ન જણાય? એમ હશે? ચોવીસે કલાક (જણાય છે). આહાહા!

ગુરુદેવ તો બધું આપી ગયા છે પણ એનું ધ્યાન ખેંચાતું નથી. એમાં શ્રીગુરુ શું કરે? આહાહા! જ્ઞાની કોઇ વાત છૂપાવે નહીં. આહાહા! અરે! ઊંચા ન્યાયો આવતા હોય અને કોઈ પાસે ઊભો હોય તો ફટ બોલાવી બેસાડીને કહી દે. કે સાંભળ! આ વિચાર મને આવ્યો છે. આહાહા! એ ન કહે ત્યાં સુધી એને પેટમાં દુ:ખે, ચેન ન પડે. આહાહા! એ કહી જ દે. કે હું કહીશ તો મારા શિષ્યો મારાથી આગળ વધી જશે એવું જ્ઞાનીને ન હોય. એ ન્યાયો છૂપાવતા હોય તો તે જ્ઞાની નથી. આ છૂપાવવાની વાત નથી. આ તો પ્રસિદ્ધ કરવાની વાત છે.

કે ઇન્દ્રિયજ્ઞાન તે જ્ઞાન નથી દાંડી પીટીને. નામ જ એવું મૂક્યું બુકનું (book) કે 'ઇન્દ્રિયજ્ઞાન તે જ્ઞાન નથી'. પહેલા એક હજાર કોપી છપાણી. તરત જ ખપી ગઇ. એક પાર્ટીનો લંડનથી ફોન

આવ્યો કે એક લાખ રૂપિયામાં જેટલા પુસ્તક છપાય એટલા છાપો. જેટલા છપાય એટલા છાપો અને બધાને ફ્રી આપો. તો લગભગ પચ્ચીસસો-ત્રણ હજાર પુસ્તક છપાશે કહ્યું. કે ફ્રી આપજો. મેં કહ્યું ફ્રી નહીં, દશ રૂપિયા રાખજો ઓછામાં ઓછા. ભલે સાઇઠના પડે. પચાસના પડે, પુસ્તકમાં. કે ભલે એમ કરજો. ત્રણ હજાર પુસ્તક છપાવ્યા! ને ચાર હજાર પુસ્તક થઇ ગયા ગુજરાતીમાં. અને ગુજરાતીની સંખ્યા તો ઓછી એટલે ધીમે ધીમે ખપે. અહીંયા પણ ખપાતા પાંચસો પુસ્તક ખપી જાત આજે. વધારે હોત તો ખપી જાત.

એમ હિંદીભાષી ભાઇઓએ પણ એક હજાર પુસ્તક છપાવ્યા. ત્યાં હિમતનગરમાં નક્કી થયું હતું અને એક હજાર પુસ્તક છપાણા. આ શાંતિસાહેબ પછવાડે બેઠા છે વગેરે-વગેરે, બધા હિન્દી ભાઇઓ. આહાહા! એક હજાર પુસ્તકમાં નવસો પુસ્તક ખપી ગયા. સો પુસ્તક એની પાસે પડયા છે. એ તો સ્વાધ્યાયમાં રાખ્યા છે નહીંતર સો પણ ખપી જાય. પણ છસ્સોની ડિમાંડ આવીને ઊભી છે, છપાવો-છપાવો-છપાવો-છપાવો. સો મંગાવે એને ત્રીસ મોકલે. કોટાથી સો પ્રત મંગાવી તો વીસ કે ત્રીસ માંડ મોકલી, કેટલી?

મુમુક્ષુ :- વીસ ત્યાંથી મોકલ્યા.

ઉત્તર :- વીસ ત્યાંથી મોકલ્યા. બોલો! સો મંગાવ્યા એણે. આહાહા! અપૂર્વ ચીજ છે આ. ભેદજ્ઞાનની પરાકાષ્ઠા છે આ. જીવ છેતરાણો છે ઇન્દ્રિયજ્ઞાનને જ્ઞાન માનીને. છે જ્ઞેય, ભિન્નરૂપ જ્ઞેય છે. હેયરૂપ જ્ઞેય છે. આશ્રય કરવા માટે ઉપાદેય નથી. અને પ્રગટ કરવા માટે પણ ઉપાદેય નથી. એવી અલૌકિક વાત આ દશ ગાથામાં છે. આહાહા! એની જીભેથી પ્રશંસા થાય એવું નથી. આહાહા! કેટલી પ્રશંસા કરવી એની?

જેવી રીતે હિન્દુસ્તાનમાં ખળભળાટ થયો, ગુરુદેવનો ઉદય થયો ત્યારે. સમયસાર-સમયસાર-સમયસાર, ચારે બાજુ. તો વર્તમાનના જે વિદ્વાનો હતા એ કાંઇ સમયસાર વાંચતા નહોતા. એમાં એ સોનગઢથી ચિનગારી સતની બહાર આવી, સમયસાર-સમયસાર-સમયસાર! તો એ પંડિતોને પૂછવા માંડયા પ્રશ્નો કે પંડિતજી, આ સમયસારમાં આ ગાથાનો શું અર્થ? એ કહે અમે તો વાંચ્યું જ નથી. હવે આ જો પ્રજા પૂછવા માંડે છે તો અમારે વાંચવું તો પડશે જ. એ જવાબ આપવા માટે વાંચન શરૂ કર્યું, વિદ્વાનોએ હોં! વિદ્વાનો મોટા ડીગ્રીવાળા. કોઇ શાસ્ત્રી ને કોઇ આચાર્ય, એની વાત ચાલે છે, સાધારણની વાત નહીં. આહાહા! પછી કૈલાસચંદજી પંડિત લખે છે કે આ ગુરુદેવનો ઉપકાર છે. (એનાથી) ઉદય થયો સમયસારનો. અને અમારે આ વાંચવાની ફરજ પડી. પૂછવા માંડયા એટલે. પણ અલૌકિક ભેદજ્ઞાનનું શાસ્ત્ર છે. બહુ પ્રશંસા કરતા હતા.

એવી રીતે આ **ઇન્દ્રિયજ્ઞાન .... જ્ઞાન નથી** એના પુસ્તકનો ફેલાવો થયા પછી, એ પંડિતજી! આ ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી, તે સમજાવોને જરાક? પણ એણે વાંચ્યું જ ન હોય, ક્યાંથી સમજાવે? એટલે શાંતિસાગર ઉપર લખે કે ભાઇ! એક કોપી મોકલજો. અમારે આ લોકો પૂછે છે, હવે અમારે તૈયારી કરવી પડશે. આહાહા! એ યુગ આવવાનો છે. થોડો-થોડો શરૂ થઈ ગયો છે. સમાજ પૂછશે, કે ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન છે કે અજ્ઞાન? જ્ઞાન તો કહી શકે નહીં કેમકે આમાં તો આત્મા જણાતો નથી. આહાહા! એક યુગ આવવાનો છે. લગભગ બે વર્ષ લાગશે, બાકી બે વર્ષમાં તો ભડકો થશે.

ચિનગારી બહાર નીકળી ગઇ. એક હજાર પુસ્તક હિન્દીમાં છપાઇ ગયા. હિન્દીમાં તો દશ હજાર છપાય તો પણ ઓછા છે, કેમ કે હિન્દી મુમુક્ષુ ભાઇઓની સંખ્યા, ગુજરાતી મુમુક્ષુઓ કરતા ઘણી મોટી છે. અને ગુજરાતી કરતાં એ બહુ મહેનતુ છે. આહાહા! ગુજરાતી તો શાતા-શિલિયા, જરા પ્રમાદી.

મુમુક્ષુ :- તૈયાર માલ મળે ને.

ઉત્તર :- તૈયાર. આહાહા! ઇન્દ્રિયજ્ઞાન અને આત્મા ભિન્ન-ભિન્ન છે. સર્વથા ભિન્ન છે. અતીન્દ્રિયજ્ઞાનની પર્યાય પ્રગટ થાય, એ કથંચિત્ ભિન્ન-અભિન્ન છે. અને ઇન્દ્રિયજ્ઞાન તો સર્વથા ભિન્ન છે. આહાહા! આ સમયસારની ૩૧ મી ગાથામાં છે. ઘણી જગ્યાએ છે. આતો તમને એક દાખલો આપ્યો. આહાહા! સર્વથા ભિન્ન, તો એકાંત થઇ જશે. કે ત્યારે અનેકાંત થશે! કે આત્મા જ્ઞાનમય છે અને ઇન્દ્રિયજ્ઞાનની આત્મામાં નાસ્તિ છે, એને અનેકાંત કહેવામાં (આવે છે). અસ્તિ-નાસ્તિ અનેકાંત ભેદજ્ઞાન પરખ છે. હવે આ મૂળ ગાથા પાછી રહી જાય એટલે હવે એ લાંબુ ન થાય.

બે ગાથા ચાલી છે. આજે ત્રીજી ગાથા (૩૭૫) **અશુભ અથવા શુભ શબ્દ**. શબ્દ તો જ્ઞેય છે. શબ્દમાં શુભ કે અશુભ એવી કોઈ છાપ નથી. પણ કોઇ શબ્દ એને પ્રિય લાગે તો એને શુભ કહેવાય, અને અપ્રિય લાગે તો એને અશુભ કહેવાય. અહીંના પરિણામનો આરોપ એ શબ્દ ઉપર આપવામાં આવે છે. જ્ઞેય કોઇ સારું-નરસું નથી. જ્ઞેય તો જ્ઞેય જ છે. જ્ઞેયના બે ભાગ નથી. પણ અહીંયાં એને મનથી ગમતું હોય તો એને શુભ શબ્દ કહેવાય અને અણગમો હોય તો એને અશુભ શબ્દ કહેવાય.

**અશુભ અથવા શુભ શબ્દ તને એમ નથી કહેતો,** જોજો આચાર્ય ભગવાનની શૈલી. અજ્ઞાનીને કહે છે હે ભવ્યઆત્મા! કોઇ પણ શબ્દ, પ્રિય કે અપ્રિય તને લાગતો હોય, તો **શબ્દ તને એમ નથી કહેતો કે 'તું મને સાંભળ'**. શબ્દ કોઇ એમ કહેતું નથી કે તું મને સાંભળ કેમકે એનામાં એ પ્રકારે કહેવાની શક્તિ નથી. પુદ્ગલ શબ્દરૂપે પરિણમે એ એની શક્તિ છે પણ બીજાને એમ કહેવાની શક્તિ નથી કે **'તું મને સાંભળ'.**

શું કહ્યું? શબ્દ પુદ્ગલની અવસ્થા છે. એ શબ્દરૂપે પરિણમે છે એ વાત સાચી છે. પણ કોઇ શબ્દરૂપે પરિણમે પુદ્ગલ, તો એ **શબ્દ તને એમ કહેતા નથી કે 'તું મને સાંભળ'**! એનામાં કહેવાની શક્તિનો જ અભાવ છે. આહાહા! એનામાં આત્માને કહેવાની શક્તિનો અભાવ છે. અને આત્મામાં એને જાણવાની શક્તિનો અભાવ છે. ત્યારે હું નથી સાંભળતો તો કોણ સાંભળે છે? આહાહા! એ સાંભળનારી ચીજ જુદી છે અને આત્માને જાણનારું જ્ઞાન (જુદું છે). એ આમાં કહેશે હમણાં. આસ્તે-આસ્તે જરા.

**શબ્દ તને એમ કહેતો નથી કે 'તું મને સાંભળ';** એક સાઇડ. સામી સાઇડથી વાત કરી. પુદ્ગલ એમ કહેતું નથી કે મને તું સાંભળ. એમ કહેતું નથી. આહાહા! આમ ચાલ્યા જતા હોઇએ આપણે અને મોટરના હોર્ન વાગતા હોય, ઇ શબ્દની પર્યાય છે ને! હોર્ન વાગ્યો, ભૂં-ભૂં થયો, તો એણે તમને કોઇને કહ્યું કે મને સાંભળ? મેં તો જોયું નથી કે કોઇ શબ્દ કહે કે મને સાંભળ. એમ કહેવાની શક્તિનો એમાં અભાવ છે. વાત જરા સૂક્ષ્મ તો છે. એ સામી સાઇડથી વાત કરી. કે **શબ્દ**

**કહેતો નથી કે 'તું મને સાંભળ'**!

હવે આ (પોતાની) સાઇડથી વાત કરે છે. સમજાવે છે. **અને આત્મા પણ**, ઓલો (શબ્દ) **એમ કહેતો નથી કે 'તું મને સાંભળ'**. **અને આત્મા પણ** પોતાને જાણવાનું છોડીને, જાણનારને જાણવાનું જ્ઞાન છોડે અને એને જાણવા જાય, એમ બનતું (નથી). એ તો જ્ઞાન પોતાને જ જાણ્યા કરે છે. પોતાને જાણવાનું છોડે તો એનું જાણવું થયું કહેવાય. પણ આત્મા તો પોતાને જાણવાનું છોડતો નથી. આ બધાની પાસે આ સ્થિતિ છે. આહાહા! આમ જાણે એને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થઇ જાય એવી ચીજ છે. **આત્મા પણ, (પોતાના સ્થાનથી છૂટીને)**, એટલે પોતાને જાણવાનું છોડીને, જાણનારને જાણવાનું છોડીને, અરે! જાણનારને જાણવાનું જો જ્ઞાન છોડે, તો જ્ઞાન અને જ્ઞાયક કોઇ રહેતું નથી. આહાહા! એ પ્રકાશનું દૃષ્ટાંત આવશે પછી ટીકામાં. આહાહા!

દીવાનો પ્રકાશ દીવાના પ્રકાશને છોડી અને ઘટપટને પ્રકાશવા જતો નથી. માટે પ્રકાશતો નથી. આહાહા! એ ટીકામાં આવશે. અહીંયા તો કહે છે જ્ઞાનાનંદ ભગવાન આત્મા અને એની અંદર એક જાણનારું જ્ઞાન પણ પ્રગટ થાય છે. એ જ્ઞાન જાણે છે અને જ્ઞાયક એમાં જણાય છે. આવું ફંકશન (function), આવી ક્રિયા, બધા આત્મામાં નિરંતર થઇ રહી છે. એ ઉપયોગ આત્માને તન્મય થઇને જાણ્યા કરે છે. અને એ ઉપયોગમાં જે નથી એને જાણતું (નથી). છે એને જાણે છે, નથી એને જાણતું (નથી).

દીપકનો પ્રકાશ, પ્રકાશમાં દીપક છે માટે દીપકને પ્રસિદ્ધ કરે પણ ઘટપટને પ્રસિદ્ધ કરતું (નથી). પ્રકાશતું જ નથી કેમકે ઘટપટનો એમાં અભાવ છે. 'જેનો જેમાં અભાવ હોય એને પ્રસિદ્ધ કરે નહીં'. આહાહા! જ્ઞાતા-જ્ઞેય અને કર્તા-કર્મ એક પદાર્થમાં હોય. બે પદાર્થ વચ્ચે જ્ઞાતા-જ્ઞેય છે નહીં. એ ભ્રાંતિ છે. હું જ્ઞાતા અને છ દ્રવ્ય મારું જ્ઞેય, એ તો ભ્રાંતિ થઇ ગઇ છે તને. તારું એ જ્ઞેય નથી. એને જ્ઞેય માનીશ ત્યાં સુધી મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન છે.

નિશ્ચયે જ્ઞેય નહીં તો કાંઇ નહીં, પણ વ્યવહારે જ્ઞેય ખરું કે નહીં? વ્યવહારે જ્ઞેય એટલે શું? આત્મા વ્યવહારે છ દ્રવ્યને જાણે છે. એટલે શું? એનો અર્થ સમજાવો. કે જાણે છે ઇન્દ્રિયજ્ઞાન અને ઉપચાર આવ્યો કે આત્મા એને જાણે છે. એ ઉપચારનું ખોટા કથનને સાચું માન્યું કે હું એને જાણું છું. એ ભ્રાંતિ છે મોટી તારી.

આ જાણવામાં ભૂલ. એક કરવાની ભૂલ અને એક જાણવાની ભૂલ. બે ભૂલ છે. કાં તો રાગને હું કરું છું એમ માને અને કાં રાગને હું જાણું છું એમ માને. જાણે છે સ્વને જ્ઞાન. આત્માનું જ્ઞાન જેનું છે એને જાણે છે. અને માને છે, મનાઇ ગયું કે હું પરને જાણું છું. એ જ્ઞાનનું અજ્ઞાન થઇ ગયું. આહાહા! એને આત્માનો અનુભવ થઈ શકતો નથી.

શબ્દ કહેતું નથી કે '**તું મને સાંભળ'**, અને આત્મા પણ પોતાને જાણવાનું છોડે તો એને જાણવા જાય ને? પોતાને જાણવાનું તો છોડતો નથી. પોતાને જાણ્યા જ કરે છે નિરંતર. બાળ-ગોપાળ સહુને સદાકાળ, સહુને નાના-મોટા બધા આવી ગયા. સદાકાળ બધા કાળ માત્ર અનાદિ અનંત. સદાકાળ આવ્યું ને? અનુભૂતિસ્વરૂપ એટલે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, આહાહા! એનો અનુભવ નિરંતર થયા કરે છે. અનુભવ એટલે એનું જ્ઞાન નિરંતર (થયા કરે છે). જ્ઞાનમાં જ્ઞાયક

જણાયા કરે છે. એક સમય એવો ન હોય કે આત્માના જ્ઞાનમાં આત્મા ન જણાય.

એ સામાન્ય ઉપયોગ છે. એ ઉપયોગથી આત્મા અનન્ય છે. તેથી એ ઉપયોગમાં આત્મા જણાઇ રહ્યો છે બધાને. અને જણાઇ રહ્યો છે, મને જાણનાર જણાય છે. એમ પરોક્ષમાં આવ્યા પછી, જો પ્રત્યક્ષ થાય તો શુદ્ધોપયોગ થઇ જાય છે. એ પહેલા ઉપયોગમાં આનંદ નથી પણ બીજા ઉપયોગમાં આનંદ આવે છે. પણ પહેલા ઉપયોગમાં પક્ષ આવે છે. બીજા ઉપયોગમાં પક્ષાતિક્રાંત થવાય છે. હજી આ ઉપયોગમાં આત્મા જણાય છે એવા સ્વભાવના પક્ષમાં પણ ન આવે અને મને આ જણાય છે-જણાય છે. જે ભિન્ન છે એ તને જણાય છે અને ઉપયોગથી અભિન્ન છે એ તને જણાતું નથી? આહાહા!

એક અમિતગતિ આચાર્ય છે. સમર્થ આચાર્ય થઇ ગયા છે. યોગસાર એમણે લખ્યું છે. બે પ્રકારના યોગસાર છે. એક યોગીન્દુદેવનું યોગસાર. એમણે પરમાત્માપ્રકાશની રચના કરી છે. યોગસારના ૧૦૮ દોહા છે. આમાં તો શ્લોકો ઘણાં છે. અમિતગતિ આચાર્યના યોગસારમાં. એમણે અજ્ઞાની જીવોને સહેલામાં સહેલો ઉપાય બતાવ્યો છે. જયપુરમાં ડીગ્રી ન મેળવી હોય, ક, ખ, ગ, ઘ, શીખ્યો ન હોય, આવડતું ન હોય. A-B-C-D તો ક્યાંથી આવડે? જ્યાં ગુજરાતી ક, ખ, ન આવડતું હોય તો. અંગૂઠા છાપ હોય. સમજી ગયા? કાંઇ ભણેલ ન હોય અને એને અનુભવ થઇ જાય.

કે આ સમયસારની તમે ગાથા, સમયસાર શબ્દ વાંચતા આવડે છે? કે સાહેબ! એ વાંચતા નથી આવડતું. મને વાંચતા નથી આવડતું. વાંચતા ન આવડે, લખતા ન આવડે. અને એના ઉપર કરુણા એને આવી ગઇ આચાર્ય ભગવાનને, કે બધા જીવો પામો! આહાહા! એવી કરુણામાં કલમ ચલાવી એમણે. એમાં એક દૃષ્ટાંત આપ્યું. આત્માનો અનુભવ જલ્દી થાય એના માટે, એક સરળ દૃષ્ટાંત અને બધાને અનુભવમાં રોજ આવે છે એવો દૃષ્ટાંત.

કે સાંભળ! જેમ દીપક છે ને? દીપક, દીવો એ દ્રવ્ય કહેવાય. એને દ્રવ્ય કહેવાય. અને એમાંથી પ્રકાશ ફેલાય છે એને એની પર્યાય કહેવાય. પ્રકાશક, દીવાનું નામ પ્રકાશક. પ્રકાશનો કરનાર પ્રકાશક. અને એમાંથી જે તેજ નીકળ્યું એનું નામ પ્રકાશ. એનું નામ પ્રકાશ. પ્રકાશક અને પ્રકાશ. દ્રવ્યનું નામ છે પ્રકાશક અને જે પ્રકાશ ફેલાણો, એનું નામ, એની પર્યાય છે, પ્રકાશ. તે પ્રકાશકમાંથી પ્રકાશ નીકળે કે અંધારું નીકળે?

મુમુક્ષુ :- પ્રકાશ.

ઉત્તર :- કે અંધારું તો નીકળે જ નહીં. એટલી વાત તો નક્કી થઇ ગઇ? હેં! પછી આગળ વધીને કહે છે. એ પ્રકાશમાં તને ઘટપટ જણાય છે, જે પ્રકાશથી સર્વથા ભિન્ન છે, પ્રકાશથી. એ તો બધાને અનુભવ છે. રાતના સોફાસેટને એ પ્રકાશે. પણ સોફાસેટને પ્રકાશે, એ ન થાય, એ તો સર્વથા ભિન્ન છે. કાલાજી! આ તો સીધી વાત છે. આ દૃષ્ટાંત તો સમજાય એવું છે. હવે કહે છે કે જો પ્રકાશથી સર્વથા ભિન્ન છે, એ તને જણાય છે. એ તને (જણાય છે)? અને પ્રકાશ તને જણાતું નથી? અમને તો આશ્ચર્ય થાય છે!

કે ચાલો સાહેબ! એ જણાતું નથી. પ્રકાશ જણાય છે. પ્રકાશ તને જણાય છે ને? તો પ્રકાશક તને જણાઇ જશે. કેમકે પ્રકાશ અને પ્રકાશક કથંચિત્ અભિન્ન છે. દાખલો સહેલો છે. ન સમજાય

આમાં? પ્રકાશ દ્વારા ઘટપટ તને (જણાય) જે ભિન્ન છે, દીવાથી ભિન્ન અને દીવાના પ્રકાશથી પણ ભિન્ન. કથંચિત્ ભિન્ન કે સર્વથા, મનુભાઇ?

મુમુક્ષ :- સર્વથા ભિન્ન.

ઉત્તર :- સર્વથા ભિન્ન. હવે જો સર્વથા ભિન્ન છે એ તને જણાય છે અને પ્રકાશ તને જણાતો નથી? માટે તને પ્રકાશ જણાય છે એમ લે. દીવો ન જણાય હમણાં ઘડીકવાર તો કાંઇ મને વાંધો નથી. તને જણાઇ જશે. અમને ખાત્રી છે. જો પ્રકાશમાં આવીશ તો પ્રકાશક જણાઇ જશે. કેમકે પ્રકાશ અને પ્રકાશક એક વસ્તુ છે. એક સત્તા છે, બે સત્તા નથી. પદાર્થ અપેક્ષાએ એક સત્તા છે. નય અપેક્ષાએ બે સત્ જુદા-જુદા છે. એ જુદો વિષય છે. આ તો એક અભેદ છે.

પ્રકાશને જાણતાં પ્રકાશક તને જણાઇ જશે અને તારું લક્ષ ઘડા ઉપરથી છૂટી જશે કે આ ઘડો જણાય છે-ઘડો જણાય છે-ઘડો જણાય છે, એ છૂટી જશે. પહેલા કહેતો હતો કે આ લાઇટ થઇ, ટયુબલાઇટ. પછી ગઇ હતી. હવે શું જણાય છે? કે પ્રકાશ. કે અંધારું હતું ત્યારે ઓલો પરપદાર્થ ન જણાય એ બરાબર. પ્રકાશ થયો તો આ પદાર્થ નથી જણાતો? પપ્પાજી! મને આ સોફાસેટ જણાતા નથી. મને તો પ્રકાશ જણાય છે. તો તારા ગુરુએ આવું શીખવાડયું? કે હા! અમારા સોનગઢના સંતે આવું શીખવાડયું છે. આહાહા! જે પ્રકાશ જણાય છે, અહીંયા પૂર્ણવિરામ કર્યું કે આગળ કહ્યું? કે મને તો એમ કહ્યું કે પ્રકાશ જણાતાં પ્રકાશક (જણાઇ જશે). અને મને તો જણાઇ ગયો. તમને જણાય કે ન જણાય એ તો તમે જાણો. આવા સહેલામાં સહેલા દૃષ્ટાંત દ્વારા (સમજાવ્યું). હવે આપણે આત્મા ઉપર ઉતારવો છે દૃષ્ટાંત. દૃષ્ટાંત તો દૃષ્ટાંત પૂરતો હતો. સિદ્ધાંતને સહેલો કરવા માટે.

હવે, આચાર્ય ભગવાન કલમ ચલાવે છે કે આ જ્ઞાયક આત્મા છે ને? આહાહા! જાણવા-દેખવાની એમાં દશા થાય છે. જ્ઞાનઉપયોગ અને દર્શનઉપયોગ, સામાન્ય અને વિશેષ. બે પ્રકારના ઉપયોગ પ્રગટ થાય છે. જીવ હોય અને પ્રગટ ઉપયોગ ન હોય એમ બને નહીં. લક્ષ્ય હોય અને લક્ષણ ન હોય એમ બને નહીં. કે હા! બરાબર છે. જ્ઞાયકઆત્મા દ્રવ્ય છે અને એમાં એક પ્રગટ પર્યાય થાય છે જાણવા-દેખવાની ક્રિયા. જેમ પ્રકાશક અને પ્રકાશ, એમ જ્ઞાયક અને જ્ઞાન. જ્ઞાયક-જ્ઞાન અને ત્રીજો શબ્દ છે જ્ઞેય. ઓમાં હતું પ્રકાશ્ય, પ્રકાશનો વિષય. એ પ્રકાશ્ય કહેવાય.

અહીંયાં કહે છે જ્ઞાયક આત્મા દ્રવ્ય છે. અને એમાં જાણવા-દેખવાની દશા પ્રગટ થાય છે સમયે-સમયે, બધાને હોં! આહાહા! એ જાણવા-દેખવાની દશા પ્રગટ થાય છે એનું નામ છે જ્ઞાન. આત્માનું નામ છે જ્ઞાયક-દ્રવ્ય. અને જ્ઞાન પ્રગટ થાય છે, એનું નામ જ્ઞાન. પ્રગટ થાય છે જ્ઞાન. અને બહારના પદાર્થો જે જણાય છે એ જ્ઞાનમાં એનું નામ છે જ્ઞેય-એનું નામ છે જ્ઞેય.

હવે સમજાવે છે, કે તારામાં જ્ઞાન તો થાય છે? કે હા સાહેબ! મારામાં જ્ઞાન થાય છે. તો એમાં શું જણાય છે? કે આ (પર પદાર્થો) બધું જણાય છે. ઠીક! હવે હું તને પ્રશ્ન કરું છું કે જે જ્ઞાનથી ભિન્ન છે, આ બધા પદાર્થો, તો જ્ઞાનથી ભિન્ન છે ને? રાગાદિ, દુ:ખ, અને આ શરીર અને (બધુ). એ ભિન્ન છે એ તને જણાય છે અને જેની સત્તામાં એ જણાય છે એ તને જણાતું નથી જ્ઞાન? વિચાર કરવા મંડી ગયો. બરાબર છે. જ્ઞાનને જાણ્યા વિના, જ્ઞેયને જાણવું (એવો) વ્યવહાર પણ ઉત્પન્ન થતો નથી. શું કહ્યું? રમેશ!

મુમુક્ષુ :- જ્ઞાનને જાણ્યા વગર જ્ઞેયને જાણવાનો વ્યવહાર જ ઉત્પન્ન થતો નથી.

ઉત્તર :- ક્યાંથી વ્યવહાર ઉત્પન્ન થાય? અહીંયાં જો જ્ઞાન જ ન પ્રગટ થાય, અહીંયા અંધારું હોય (તો જ્ઞેયને જાણવાનો વ્યવહાર ઉત્પન્ન ન થાય). આ જૈનદર્શન! એકદમ ન્યાય, લોજીક, આગમ, યુક્તિ અને અનુભવથી સિદ્ધ થાય એમ છે. અમે કહીએ માટે માનો એમ એ નથી. ત્યારે તને પર પદાર્થ જે ભિન્ન છે એ તને જણાય છે અને જે એને પ્રસિદ્ધ કરે છે, જ્ઞાન, એ તને જણાતું નથી? અમને તો આશ્ચર્ય થાય છે. ત્યારે કહે પ્રભુ! વાત તમારી કાંઇક મને ગળે ઉતરી. કેમકે જ્ઞાન જ્ઞાનને જાણ્યા વિના જ્ઞેયને કેવી રીતે જાણે? જ્ઞાન જ્ઞાનને જાણીને જ્ઞેયને જાણે એવો વ્યવહાર અથવા ભ્રાંતિ-અજ્ઞાન હોય. શું કહ્યું?

માટે ઉર્ધ્વપણે તો જ્ઞાન જ જણાય છે, બધાને. પણ જ્ઞાનને ભૂલ્યો, હવે એને જ્ઞેય જણાય છે, એમ ભ્રાંતિ થાય છે. ભ્રાંતિ છોડાવવા માટે હવે કહે છે કે જ્ઞાનથી જે ભિન્ન પદાર્થ છે એ તને જણાય છે? કે હા સાહેબ! એ જણાય છે. હવે હું તને કહું છું જે ભિન્ન છે એ તને જણાય, પણ ભિન્ન પદાર્થ જેમાં જણાય છે, પ્રતિભાસ જેમાં થાય છે, જ્ઞાનમાં, એ તને જણાતું નથી? કે હા! આ વાત કાઇક વિચારવા જેવી છે. એટલે જ્ઞેય ઉપરથી લક્ષ છૂટયું, જ્ઞેય જણાય છે એવો જે પક્ષ થઇ ગયો તો, અભિમાનનો. જ્ઞેય નથી જણાતું, વાત સાચી છે. જ્ઞાન જણાય છે મને હોં! એ જ્ઞેયમાંથી ખસી ગયો અને જ્ઞાનમાં આવી ગયો. એ જ્ઞેય બદલવા મંડયું. હમણાં બદલી જશે. શું કહ્યું?

જ્ઞેય બદલવા મંડયું. ઓલું (પર) મને જણાતું હતું, એ જ્ઞેયનો બદલો થવા મંડયો. બદલવા મંડયું. હજી સર્વથા બદલી નથી ગયો. હમણા બદલી જશે, બે મિનિટમાં. ઝાઝી વાર લાગશે (નહીં). એ તો ભિન્ન પદાર્થ છે એ તો જણાતું જ નથી, મને તો મારું જ્ઞાન જણાય છે. સમજી ગયા? હવે જ્ઞાન જ્ઞેય થવા માંડયું. ઓલુ (પર)જ્ઞેય-જ્ઞેય થવા માંડતું હતું. થોડુંક જરાક આ (મગજ) ચલાવવું તો પડે. હેં? એ વિના તો ક્યાંથી જણાય. ફાયદો મોટો. લાભ મોટો છે આમાં.

હવે આ (પર) જ્ઞેય નથી. પણ જ્ઞાન જે જણાય, જે જણાય તે જ્ઞેય કહેવાય. જાણે તે જ્ઞાન અને જણાય તે જ્ઞેય. તો જ્ઞાનમાં બે ધર્મ છે, પર્યાયમાં. જ્ઞાન જાણે પણ ખરું અને જ્ઞાન, એ પર્યાય, જણાય પણ ખરી. એટલે (જ્ઞાન) જ્ઞેય થાવા માંડયું. ઓલું (પર) જ્ઞેય ખસી ગયું. ઓલું ખસી ગયું, અંદર આવ્યો. હવે અંદર હમણાં આવી જશે, સાવ અંદર. હજી થોડોક બહાર છે. પછી કહે, કે તને જ્ઞાન જણાય છે? કે હા સાહેબ! જ્ઞાન જણાય છે. તો જ્ઞાન અને જ્ઞાયક તો અભેદ છે. એ જ્ઞાયક કેમ ન જણાય? પ્રકાશને જાણે એ દીપકને કેમ ન જાણે? પ્રકાશને જાણે એ દીપકને જાણે જ. કેમકે અભિન્ન છે વસ્તુ. એ જે ઓલું જ્ઞેય થતું હતું, જ્ઞાનની પર્યાય, એ આખો આત્મા જ્ઞેય થઇ ગયો. અંદરમાં આવી ગયો. આહાહા!

મને તો જાણનાર જણાય છે. જ્યારે આત્મા એ જ્ઞેય થાય છે તો જાણેલાનું શ્રદ્ધાન પણ એમાં આવી જાય છે અને અનુભૂતિ થઇ જાય છે. આવી વાત. આહાહા! અપૂર્વ વાતો જિનાગમમાં ભરી છે. રહસ્યવાળી વાત. સહેલામાં સહેલો અંગૂઠા છાપ હોય, વ્યાકરણ ન આવડતું હોય. નિશ્ચયનય અને વ્યવહારનય અને નિક્ષેપ અને, ધીરજ! કાંઇ ખબર ન હોય. અંગૂઠા છાપ, સમજે ને? ક, ખ, ગ, ઘ બારખડી ન આવડતી હોય, કે તું તો જાણનારો છો! કે આ (પર) જણાય છે માટે જાણનાર છો? એને

(પરને) જાણે છે માટે જાણનાર છો કે જાણનાર જણાય છે માટે તું જાણનાર છો? આહાહા!

આ વાત તો પ્રભુ, મેં અનંતકાળથી સાંભળી ન હતી! આજે આપના શ્રીમુખેથી સાંભળી. મારા ઉપર કૃપા કરી તમે અને મને સંભળાવી અને મને વાત બેસી ગઇ. ડોશીમાંને સમ્યગ્દર્શન થઇ ગયું, નેવું વર્ષની ઉંમરનાને. અને જો પર જણાય છે એવા પક્ષમાં રહે તો પંડિતને પણ અનુભવ થાય (નહીં). થઇ જાય, બોલ? ન થાય? નહીં! આ ધીરજ બહુ ભણે છે એટલે થઇ જશે અને તું રહી જઇશ એવું છે નહીં. જે આત્માને જાણે તે જ્ઞાની થાય. શાસ્ત્રને જાણે તે જ્ઞાની એમ છે નહીં. એ એની વ્યાખ્યા જ નથી. પરને જાણે તે જ્ઞાની એમ છે (નહીં).

જો એમ કરશો તો અગિયાર અંગનો પાઠી પણ કોરો રહી ગયો અને ભણેલાને જ સમ્યગ્દર્શન થાય, અભણને ધર્મ થાય (નહીં), આહાહા! ભણેલો કે અભણ આ જાણનાર જણાય છે એમાં આવી જાને! તને જણાઇ જશે. પ્રત્યક્ષ થઇ જશે. તને આનંદ આવશે! અને સમ્યગ્દર્શન જ્ઞાન પ્રગટ થયા પછી એ ચારિત્ર પણ આવવાનું છે. ચારિત્રનું કારણ સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનું કારણ ભેદવિજ્ઞાન. ભેદવિજ્ઞાન એટલે ઇન્દ્રિયજ્ઞાન ભિન્ન અને આત્મા ભિન્ન. બે વચ્ચેના ભેદજ્ઞાનની ગાથા છે.

ૐ